# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

"પંડિત દીનદયાળ ભવન", સત્યનગરની સામે, ઉધના, સુરત–૩૯૪૨૧૦.

પ્રતિ, તા. ૧૬/૦૪/૨૦૧૭

તંત્રીશ્રી,

..............................................,

સુરત.

આપશ્રીના સુપ્રસિધ્ધ દૈનીક પત્ર / ચેનલમાં નીચે મુજબનું અખબારી નિવેદન પ્રસિધ્ધ કરશોજી.

લિ.

(વિનોદ જૈન)

મીડિયા કન્વીનર, સુરત

ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગરના અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાળા તથા મહામંત્રીશ્રીઓ શ્રી મદનસિંહ અટોદરીયા, ડો. જગદીશભાઈ પટેલ અને શ્રી કિશોરભાઈ બિંદલ એક અખબારી નિવેદનમાં જણાવે છે કે,

- આ રોડ શો નહિ પરંતુ આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી માટેનું લોકોનું પાગલપન છે.
- દેશના પ્રધાનસેવક બન્યા બાદ પ્રથમ વખત સુરત ખાતે પધારેલા આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીને નિહાળવા માટે લાખોની સંખ્યામાં લોકો ગૌરવ પથ પર ઉમટી પડયા હતા. જેને પગલે ગૌરવ પથ "સ્વાગત પથ"માં ફેરવાઈ ગયું હતું.
- કોઈ નેતા, અભિનેતા કે રોક સ્ટારને નિહાળવા માટે આટલી વિશાળ જનમેદની સુરતના ઈતિહાસમાં ક્યારેય એકત્રિત થઈ નથી, જેટલી વિરાટ જનમેદની આ રાષ્ટ્રનેતાને નિહાળવા માટે સુરતના ગૌરવ પથ પર ઉમટી પડી હતી.
- નાના બાળકોથી માંડીને યુવાનો–યુવતીઓ, મહિલાઓ, વયોવૃદ્ધ લોકો પણ આદરણીય પ્રધાનમંત્રીશ્રીની એક ઝલક મેળવવા માટે રસ્તા પર લાખોની સંખ્યામાં ઉમટી પડયા હતા.
- "ન ભુતો, ન ભવિષ્યતિ" સુરતના ઈતિહાસમાં ક્યારેય કોઈનુંય ન થયુ હોય તેવું ભવ્યાતિભવ્ય સ્વાગત આજરોજ આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનું શહેરની જનતા દ્વારા કરવામાં આવ્યું હતું.
- એરપોર્ટ થી સરકીટ હાઉસ સુધીના ૧૨ કિ.મી.ના અંતર પર રોડની બંને બાજુ લાખોની સંખ્યામાં ઉભેલા લોકો સતત "મોદી...મોદી...મોદી..."ના નારા લગાડતા હતા. કોઈ

નેતાના નામના નારા આટલી મોટી સંખ્યામાં અને આટલા લાંબા સમય સુધી લાગ્યા હોય તેવો સુરતના ઈતિહાસમાં આ પહેલો પ્રસંગ છે.

- રોડ શો દરમ્યાન લોકલાડીલા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી પર ઠેર–ઠેર પુષ્પ વર્ષા થઈ હતી.
- રોડ શો નો નિર્ધારીત સમય ૪૦ મિનીટનો હતો પરંતુ વિશાળ જનસૈલાબને પગલે રોડ શો અઢી કલાક કરતા વધુ લાંબો સમય ચાલ્યો હતો.
- માન. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી, માન. નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ, પૂર્વ મુખ્યમંત્રી શ્રી આનંદીબેન પટેલ, પ્રદેશ અધ્યક્ષ શ્રી જીતુભાઈ વાઘાણી, કેબિનેટ મંત્રી શ્રી ગણપતભાઈ વસાવા, સંસદિય સચિવ શ્રી પૂર્ણેશભાઈ મોદી, સાંસદ શ્રી સી.આર. પાટીલ, સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ, સંગઠન મહામંત્રી શ્રી ભીખુભાઈ દલસાણીયા, મહામંત્રી શ્રી ભરતસિંહ પરમાર, મેયર શ્રીમતી અસ્મિતાબેન શિરોયા, શહેર અધ્યક્ષ શ્રી નિતીનભાઈ ભજીયાવાળાએ સુરત ખાતે પધારેલા આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબનું એરપોર્ટ ખાતે સ્વાગત કર્યુ હતું.
- એરપાર્ટ થી ટી.જી.બી. હોટલ, વી.આર. મોલ, રાહુલ રાજ મોલ, ઈસ્કોન મોલ, કારગીલ ચોક, એસ.વી.એન.આઈ.ટી. સર્કલ, સરગમ શોપીંગ સેન્ટર, પાર્લે પોઈન્ટ, ડિસ્ટ્રીકટ કોર્ટ, જીલ્લા સેવા સદન કલેકટર ઓફીસ થઈ સરકીટ હાઉસ ખાતે રોડ શોનું સમાપન થયું હતું.
- રોડ શો દરમ્યાન લેસર શો, રંગોલી, સેન્ડ આર્ટ, રોડની બંને બાજુ બિલ્ડીંગો ઉપર રોશની, કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓ થી શણગારેલા સર્કલો જોઈને આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી પ્રભાવિત થયા હતા.
- માન. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી, માન. નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ, પૂર્વ મુખ્યમંત્રી શ્રી આનંદીબેન પટેલ, પ્રદેશ અધ્યક્ષ શ્રી જીતુભાઈ વાઘાણી, મહામંત્રી શ્રી ભરતસિંહ પરમાર, સંસદિય સચિવ શ્રી પૂર્ણેશભાઈ મોદી, સાંસદ શ્રી સી.આર. પાટીલ, સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ, શહેર અધ્યક્ષ શ્રી નિતીનભાઈ ભજીયાવાળા આ રોડ શોમાં જોડાયા હતા.
- સમગ્ર રોડ શો નિહાળીને આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી ખૂબ જ ભાવવિભોર થયા હતા. રોડ શો દરમ્યાન આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ સતત હાથ હલાવીને રોડની બંને બાજુ વિશાળ સંખ્યામાં ઉભેલા લોકોનું અભિવાદન ઝીલ્યું હતું.
- રોડ શો દરમ્યાન આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબને આશિર્વાદ આપવા માટે પધારેલા તમામ સંપ્રદાયના સાધુ–સંતોને નરેન્દ્રભાઈએ બે હાથ જોડીને વંદન કર્યા હતા.